INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૨-૧૦-૨૦૨૪**

મહાત્મા ગાંધીની જન્મ જયંતિ અને "જયજવાન જયકિશાન" ના બુલંદ નારો આપનાર સાહસીના પ્રતિક લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મ જયંતિ નિમિત્તે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે યોજાયેલ વાર્તાલાપમાં મુંબઈ યુનિવર્સિટી ના પૂર્વ કુલપતિશ્રી ડૉ. રાજન વેલનુકર અને અમરાવતી યુનિવર્સિટીના ડૉ. અંબાદાસ મોહિતે સુંદર અને સરળ રીતે ગાંધી વિચાર આજની પરિસ્થિતિને અનુલક્ષીને રજુ કરી હતી.

આજ રોજ ગાંધી જયંતિ અને લાલ બહાદુર જયંતિ નિમિતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માં ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ કોંગ્રેસ ના રિજીયનલ ચેપટર દ્વારા ગાંધી@150 પ્રોગ્રામનું આયોજન કરેલું. તેમાં નામાંકિત આમંતત્રીતો એ તેમના ગાંધી વિચાર ધારા અને લાલ બહાદુર શાસ્ત્રીના વિચારો, કાર્યો, દેશ માટેનું તેમનું બલિદાન, દેશ ના વિકાસ માં તેમનું યોગદાન ની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ગાંધી વિચારજ બધી સમસ્યાનો ઉકેલ છે. સમગ્ર વિશ્વ જ્યારે વિવિધ હિંસામાં ધકેલાઈ રહ્યું હોય ત્યારે ગાંધી વિચાર દ્વારા જ શાંતિ સદ્ભાવ સ્થાપીને યુધ્ધને અટકાવી શકાશે.

ડૉ. રાજન વેલનુકર મુંબઈ યુનિવર્સિટી થી આવેલા. તેઓ એ ગાંધીજી @150 નામની બુક લખી છે. તેમને ગાંધીજી ના વિચારો ની ખુબજ સુંદર છણાવટ કરી. MLM કોન્સેપટ રજુ કર્યો.

M = MORE

L = FROM LESS SOURCRS

M = FOR MORE PEOPLE

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ના માનનીય અધ્યક્ષ શ્રી શક્તિસિંહ ગોહિલે ગાંધીજી નો એક વિચાર કે સમય આવે બોલવું અને જ્યારે સમય ના હોય ત્યારે મૌન રહેવાનો અભિગમ સૌએ અપનાવવો જોઈએ. ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ કોંગ્રેસ ના આ કાર્યક્રમમાં ભાર મૂકીને કહ્યું કે ગાંધીજી પોતે એક પ્રોફેશનલ વકીલ હતા અને પ્રોફેશનલ જ દેશ ને એક દિશા દેખાડી શકે છે.

અમરાવતી યુનિવર્સિટી થી આવેલા ડૉ.અંબાદાસ મોહિતે ગાંધી જયંતિ નિમેતે સૌની જોડે એક શપથ લેવડાવી કે જેમાં સમાજ માં બહેનો માટે ઉચ્ચારતા બીભત્સ શબ્દો નહીં બોલવાના. એક ઉત્તમ વિચાર કે જે ગાંધીજી ના વિચારો ને જીવંત રાખે છે તે તેમને રજૂ કર્યો.

ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ કોંગ્રેસ ના રિસર્ચ હેડ ના ચેરમેન નાવિકા હર્ષે દ્વારા ઓલ ઈન્ડિયા પ્રોફેશનલનું શુ કાર્ય છે અને ગાંધીજી કે જેઓ એક પ્રોફેશનલ વકીલ હતા અને એક પ્રોફેશનલ શુ કરી શકે છે તે રજુઆત કરી અને લોકોને પ્રોફેશનલ કોંગ્રેસમાં જોડાવા વિનંતી કરી હતી.

જાણીતા ફિલ્મ પ્રોડ્યુસર મેહુલ દેવકલા એ ગાંધીજી ની એક ડોક્યુમેન્ટરી ફિલ્મ "કોનસે બાપુ" કે જેને કલકત્તા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ માં બેસ્ટ ડોકુંયુમેન્ટરી ફિલ્મ નો એવોર્ડ મળેલો

શ્રી આશિષ અગ્રવાલ અને શેફાલી પંડ્યા કે જેઓ ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ કોંગ્રેસ ના ગુજરાત ચેપટર ના હેડ છે તેમની રૂપરેખા માં આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું

(આશીષ અગ્રવાલ)
ઓલ ઈન્ડિયા પ્રોફેશનલ કોંગ્રેસ, ગુજરાત